# રાજ્યમાં ૨૨ ટકા ઓછા વરસાદથી ચિંતા

## આ મહિનામાં મોનસૂનની ગતિ ઘટી ગઈ : ગીરસોમનાથ, ડાંગ, નવસારીમાં સામાન્ય કરતા ૨૦ ટકાથી વધુ વરસાદ

ગાંધીનગર, તા.૮

ગુજરાતમાં ૨૨ ટકા ઓછો વરસાદ હજુ સુધી નોંધાયો છે જે ચિંતાજનક બાબત દેખાઈ રહી છે. નવેસરના આંકડા દર્શાવે છે કે ગુજરાતમાં ૨૨ ટકા જેટલો ઓછો વરસાદ થયો છે. હવામાન વિભાગના અધિકારીઓના કહેવા મુજબ રાજ્યમાં હજુ વરસાદની શક્યતા દેખાઈ રહી છે પરંતુ આ વર્ષે ૬૯૧ મીમી સરેરાશ સુધીનો આંકડો થઈ જાય તેવી શક્યતા ઓછી દેખાઈ રહી છે. ગુજરાત છ ભારતીય રાજ્યો પૈકી એક રાજ્ય છે જેમાં આ વર્ષે ઓછો વરસાદ ઓછો થયો છે. અન્ય રાજ્યોમાં હરિયાણાં ૨૦ ટકા, મણીપુરમાં ૫૩ ટકા, મેઘાલયમાં ૪૧ ટકા, અરૂણાચલમાં ૩૬ ટકા અને આસામમાં ૨૩ ટકા જેટલો ઓછોવ વરસાદ થયો છે. આઈએમડીની વેબસાઈટમાં આ મુજબની વાત કરવામાં આવી છે. કુલ ઓછા વરસાદનો આંકડો ભારતમાં સાત ટકાની આસપાસનો રહ્યો છે. ગુજરાતમાં હજુ પણ આ મોનસૂનની સિઝનમાં વરસાદ થવાની શક્યતા છે. છેલ્લા ત્રણ વર્ષથી લેટ મોનસૂનનો ગાળો રહ્યો છે. સાતમી સપ્ટેમ્બર સુધી ગુજરાતમાં વાર્ષિક સિઝનલ વરસાદ પૈકી ૮૨ ટકા વરસાદ થયો છે. ૨૦૧૭માં ૭૭ ટકા અને ૨૦૧૭માં ૯૪ ટકા વરસાદ થયો હતો. ગુજરાતમાં ઓછા વરસાદના આંકડા ચોક્કસપણે ચિંતા ઉપજાવે છે. સૌથી વધારે જે વિસ્તારમાં વરસાદ થયો છે તેમાં ગીર સોમનાથ, ડાંગ, નવસારી, વલસાડ અને આણંદનો સમાવેશ થાય છે. આ તમામ જિલ્લાઓમાં સામાન્ય કરતા વધારે વરસાદ થયો છે. ગીર સોમનાથમાં ૭૩ ટકા જેટલો વરસાદ સામાન્ય કરતા વધારે રહ્યો છે. ઉત્તર અને દક્ષિણ ગુજરાતમાં હાલત કફોડી રહી છે. સૌરાષ્ટ્ર અને કચ્છમાં ૨૭ ટકા ઓછો વરસાદ થયો છે.

પાટણ, કચ્છ, બનાસકાંઠા, ગાંધીનગર અને મહેસાણામાં ઓછો વરસાદ થયો છે. ગુજરાતમાં ઓછો વરસાદનો આંકડો ૨૨ ટકાનો રહ્યો છે. ગુજરાત સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટીના આંકડા મુજબ આ વર્ષે વરસાદની ટકાવારી જુદી જુદી રહી છે. જૂનમાં ૧૧ ટકાનો ઘટાડો રહ્યો હતો. આ વર્ષે કેટલાક શહેરો અને તાલુકાઓમાં ૨૪ કલાકમાં તેમની સિઝનલ વરસાદ કરતા ૧૦ ટકાથી વધુ વરસાદ થયો હતો. રાજ્ય સરકારે હાલમાં જ ખરીફ પાકની સિંચાઈ માટે નર્મદા પાણી પુરવઠાની જાહેરાત કરી હતી. પાણીની સ્થિતિની સમીક્ષા કર્યા બાદ આ અંગેની જાહેરાત કરવામાં આવી હતી. ૨૦ ટકાથી વધુ વરસાદ સામાન્ય કરતા જે વિસ્તારોમાં રહ્યો છે તેમાં ગીર સોમનાથ, ડાંગ, નવસારીનો સમાવેશ થાય છે. જ્યારે ઓછો વરસાદ જ્યાં રહ્યો છે તેમાં પાટણ, કચ્છ, બનાસકાંઠા, ગાંધીનગરનો સમાવેશ થાય છે. ઘણા વિસ્તારમાં ૨૦ ટકાથી ૫૯ ટકા સુધી ઓછો વરસાદ રહ્યો છે. જેમાં દેવભૂમિ દ્વારકા, જામનગર, સુરેન્દ્રનગર, મોરબી, અમદાવાદનો સમાવેશ થાય છે. બનાસકાંઠા, મહેસાણા, ગાંધીનગર, ખેડા, મહિસાગરમાં પણ આવી જ સ્થિતિ રહી છે. છોટાઉદેપુરમાં પણ આવી જ સ્થિતિ રહી છે. નોર્મલ વરસાદ થયો છે તેમાં જુનાગઢ, અમરેલી, ભાવનગર, ભરૂચ, સુરત, તાપીનો સમાવેશ થાય છે. જ્યારે જ્યાં વરસાદની અછત રહી છે તેમાં કચ્છ, પાટણનો સમાવેશ થાય છે.

## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




આમની વાત જુદી છે... કોઈ સત્તાધારી મંત્રી કદી ખાધા વગર પાણી ન પીવે...!

# ખેડૂતોની દેવા માફી હાલ શક્ય નથી

ગાંધીનગર, તા.૮

ખેડૂતોની દેવા માફીના મામલામાં પાટીદાર અનામત આંદોલન સમિતિના લીડર હાર્દિક પટેલ અને કોંગ્રેસે જોરદાર લડત શરૂ કરી દીધી છે ત્યારે ખેડૂત લોન માફીનો મુદ્દો ફરી એકવાર સપાટી ઉપર આવી ગયો છે. ખેડૂત લોન માફીને લઈને સરકાર ખૂબ જ સાવધાન થયેલી છે. મોટાભાગના જાણકાર નિષ્ણાતોનું કહેવું છે કે ગુજરાતને ખેડૂત લોન માફી હાલ પોષાય તેમ નથી. રાજ્ય સરકારના ફાઈનાન્સને આની સીધી અસર પ્રતિકુળ રીતે થઈ શકે છે. સ્ટેટ લેવલની બેન્કર્સ કમિટી પાસેથી મળેલા આંકડા મુજબ ૮૨ કરોડ કૃષિ દેવુ રાજ્યના બજેટના ૪૫ ટકાની આસપાસ છે. કૃષિ દેવુ ૮૨,૦૭૫ કરોડની આસપાસ છે. ૩૫ લાખ એગ્રિકલ્ચર લોન એકાઉન્ટ ધારકો રહેલા છે. જો રાજ્ય સરકાર ખેડૂત લોન માફીના મુદ્દા ઉપર સહમત થાય તો તેના ઉપર ૨૦૧૮-૨૦૧૯ માટેના ૧.૮૩ લાખ કરોડ રૂપિયાના બજેટ પૈકી ૪૫ ટકાનો ખર્ચ રહેશે. કુલ પાક લોન (એક વર્ષીય પેમેન્ટ સાઈકલ) ગુજરાતમાં આઉટ સ્ટેન્ડીંગનો આંકડો ૪૫૬૦૭ કરોડની આસપાસનો છે. કૃષિ ટર્મ લોનનો આઉટ સ્ટેન્ડિંગ આંકડો ૩૬૪૬૮ કરોડ રૂપિયાનો છે. જો રાજ્ય સરકાર માત્ર પાક લોન દિશામાં આગળ વધે તો પણ તિજોરી ઉપર અને રાજ્યમાં કરદાતાઓ ઉપર અભૂતપૂર્વ બોજ પડશે.

રાજ્યના ફાઈનાન્સ ડિપાર્ટમેન્ટના અધિકારીઓનું કહેવું છે કે રાજ્યના નાણાકીય મામલાઓને ધ્યાનમાં લઈનો તિજોરી ઉપર કોઈપણ વધારાનો બોજ નાખવાની બાબત હાલમાં બિલકુલ યોગ્ય નથી. આઉટ સ્ટેન્ડીંગ ફાર્મ લોનમાં જંગી રકમને ધ્યાનમાં લેતા ૧૦ ટકા માફી પણ જો કરવામાં આવે તો ૮૦૦૦ કરોડનો આંકડો પહોંચે છે. સરકારને રેવેન્યુમાં વધારો કરવા માટે જુદા જુદા પગલાં લેવાની જરૂર દેખાઈ રહી છે. આવી માફી માટે ફંડ ઉભા કરવા માટે ટેક્સમાં જંગી વધારો કરવો પડશે. સાથે સાથે અન્ય લોકો સામે પણ મુશ્કેલી આવી શકે છે.

## માંસાહાર અને શરાબ સેવનથી સામાજિક દુષ્પરિણામો પ્રાપ્ત થાય છે : આચાર્ય સુનીલસાગરજી

ગાંધીનગર, તા. ૮

જૈન ધર્મમાં દરેક શ્રાવકને જીવનમાં અણુવ્રતોનું આચરણ યમ-નિયમની જેમ જરૂરી છે. તેવું જણાવતા આચાર્ય સુનીલસાગરજી મહારાજે આજે કહ્યું હતું કે જૈન દર્શનમાં વર્ણવેલ વર્ણિત સત્ય, અહિંસા, અચૌર્ય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહણુવ્રત વગેરેનો ભારતીય સંસ્કૃતિના લગભગ તમામ ધર્મ સંપ્રદાયોના નીતિ ગ્રંથોમાં ઉલ્લેખ છે, જો દરેક નાગરિક તેનો ઈમાનદારીથી અમલ કરે તો દેશમાં અનૈતિકતા, આંતકવાદ, હિંસા,વૈમનસ્યતા, વિષમતા, સામાજિક-આર્થિક અસામાનતા જેવા દૂષણોથી મુક્ત થઈ શકાશે.



આચાર્ય સુનીલસાગરજીએ જણાવ્યુ હતુ કે જીવનમાં પુરુષાર્થ જ સિદ્ધિ તરફ લઈ જાય છે અને પુરુષાર્થના ૮ મૂળ ગુણો છે. જેમાં જીવનમાં મધ, માંસ અને મદ્યનો અને વડ, પીપળો, ઉમર, કઠૂમર તથા પાકય ફલ જેવા પંચ ઉદમ્બરના ત્યાગનો સમાવેશ થાય છે. આ સાથે તેમણે આહારમાં કેવા ફળો લેવા જોઈએ તે અંગે વિસ્તૃત સમજણ આપી હતી. આ ઉપરાંત તેમણે જણાવ્યું હતું કે માંસ પ્રાપ્ત કરવા માટે પશુઓને મારનાર વ્યક્તિની ક્રૂરતા સામે લાચાર મૂક પશુઓનો ક્રોધ અને આક્રોશ પણ હોય છે જે શારિરિક રાસાયણિક ક્રિયા બાદ ઝેરમાં પરિવર્તિત થઈ શકે છે. વળી, શરાબના સેવનથી સમાજ વ્યાપી દુષ્પરિણામો પ્રાપ્ત થાય છે તેથી માંસાહાર અને શરાબ સેવનથી દૂર રહેવુ જોઈએ. અત્રે ઉલ્લેખનીય છે કે આજે ગુજરાતી ફિલ્મોની અભિનેત્રી આરતી નાગપાલે આચાર્ય તથા પિચ્છીસંઘના દર્શન કર્યા હતા.

# હાર્દિક પટેલે પુનઃ પાણીના પારણાં કર્યા

## હાર્દિકને મળવા આવનારાનો ધસારો જારી : આચાર્ય પ્રમોદ, સ્વામી અગ્નિવેશે હાર્દિકની મુલાકાત લઈ આશિર્વાદ આપ્યા : હાર્દિકે જળ ગ્રહણ કરતાં રાહત

અમદાવાદ, તા.૮

હાર્દિક પટેલના આમરણાંત



ઉપવાસનો આજે ૧૫મો દિવસ છે. આચાર્ય પ્રમોદ અને સમાજ સુધારક સ્વામી અગ્નિવેશ આમરણાંત ઉપવાસી હાર્દિક પટેલને મળવા માટે આજે એસજીવીપી હોસ્પિટલ પહોંચ્યા હતા. હાર્દિકને મળીને આચાર્ય પ્રમોદ તેના માથા પર હાથ મૂકીને આશીર્વાદ આપ્યા હતા. તો, સ્વામી અગ્નિવેશે તેની લડાઈને જુસ્સાથી લડવા માટે પ્રસંશા કરી હતી. બીજીબાજુ, ડોકટરોની ફરજિયાત સલાહ અને લોકતાંત્રિક જનતાદળના શરદ યાદવની ભારે સમજાવટ બાદ આજે આખરે હાર્દિક પટેલે જળ ગ્રહણ કર્યું હતું. શરદ યાદવે પોતાના હાથે હાર્દિકને પાણી પીવડાવ્યું હતું. હાર્દિકે જળ ગ્રહણ કરતાં સમગ્ર પાટીદાર સમાજમાં રાહતની લાગણી ફેલાઈ હતી. દરમ્યાન પાસના કન્વીનર મનોજ પનારાએ જણાવ્યું હતું કે, ડોકટરોએ હાર્દિકની પંદર-પંદર દિવસના ઉપવાસ અને છેલ્લા ૪૮ કલાકથી જળ ત્યાગને લીધે કોઈપણ સંજોગોમાં જળ ગ્રહણ કરવું પડે, નહી તો બીજી કોઈ મોટી તકલીફ ઉભી થશે તેવી તાકીદ કર્યા બાદ અને લોકતાંત્રિક જનતા દળના નેતા શરદ યાદવે હાર્દિકને સમજાવતા આખરે તેમના હાથે તેણે પાણી પીધું હતું. આજે હાર્દિકે પાણી પીવાની શરૂઆત કરી છે. ડોક્ટરની સલાહ પ્રમાણે જમવાની શરૂઆત કરે તેવી પણ શકયતા છે. દરમ્યાન હાર્દિક પટેલના ઉપવાસનો આજે પંદરમો દિવસ હતો ત્યારે આજે સવારથી રાષ્ટ્રીય નેતાઓ લોકતાંત્રિક જનતાદળના શરદ યાદવ, ત્યારબાદ ડીએમકે પાર્ટીના નેતા એ રાજા અને ઈલિયાસ આઝમીએ હાર્દિકની મુલાકાત લઈને તેને સમર્થન આપ્યું હતું. બપોર બાદ એસજીવીપી હોસ્પિટલમાં પહોંચેલા ધર્મગુરૂ આચાર્ય પ્રમોદ અને સમાજ સુધારક સ્વામી અગ્નિવેશે હાર્દિકને મળીને તેણે ચલાવેલી લડત બદલ તેની સરાહના કરી હતી. આ પહેલા મુલાકાતે આવેલા યાદવના સન્માનમાં હાર્દિક બેડથી ઉતર્યો હતો અને તેમને મળીને હસ્તધનૂન કર્યું હતું.



અશકત હાર્દિક વરિષ્ઠ નેતાને મળીને ખુશ થયો હતો. બંને વચ્ચે વાતચીત થઈ હતી. યાદવે હાર્દિકને સારા સ્વાસ્થ્યની કામના કરી હતી અને તેના આંદોલનને સમર્થન આપ્યું હતું. હવે તે ઉપવાસી છાવણીમાંથી તેના ઉપવાસ આગળ વધારી રહ્યો નથી પરંતુ હોસ્પિટલના બિછાનેથી અન્ન-જળનો ત્યાગ કરીને પોતાની માંગો પર અડગ રહ્યો છે. ત્યારે તેને મળવા માટે રાષ્ટ્રીય નેતાઓ અને ધર્મગુરૂ હોસ્પિટલમાં પહોંચી તેની ખબરઅંતર પૂછી રહ્યા છે.

## જાણીતા કર્મશીલ ગૌતમ ઠાકરનું દુઃખદ અવસાન

અમદાવાદ, તા.૮


પીપલ્સ યુનિયન ફોર સિવિલ લિબર્ટીઝ (પીયુસીએલ)ના ગુજરાતના મંત્રી અન રાષ્ટ્રીય કારોબારી સદસ્ય ગૌતમ ઠાકરનું આજે વહેલી સવારે દુઃખદ નિધન થતાં સામાજિક અને જાહેર જીવનના અગ્રણીઓ અને માનવધિકારી વર્તુળમાં ઘેરા શોકની લાગણી ફેલાઈ ગઈ છે. ૭૨ વર્ષીય ગૌતમ ઠાકર ગુજરાતમાં માનવ અધિકારોના રક્ષણની અને રાજકીય તેમ જ નાગરિક સ્વાતંત્ર્યની ચળવળ સાથે છેલ્લા ૫૦ વર્ષ કરતાં વધુ વર્ષોથી ખૂબ જ સક્રિય રીતે સંકળાયેલા હતા. માનવ અધિકારોના રક્ષણ, નૈતિક મૂલ્યોના જતન અને સમાજના નબળા અને જરૂરિયાતમંદ વર્ગોના પ્રશ્નોના નિરાકરણ માટે તેમનું બહુમૂલ્ય યોગદાન અને બલિદાન હરહંમેશ યાદ રહેશે એમ પીયુસીએલના રાષ્ટ્રીય સદસ્યો પ્રો.હેમંતકુમાર શાહ અને મહેશભાઈ પંડયાએ તેમને ભાવભીની શ્રધ્ધાંજલિ અર્પતાં જણાવ્યું હતું. પીયુસીએલના રાષ્ટ્રીય સદસ્યો પ્રો.હેમંતકુમાર શાહ અને મહેશભાઈ પંડયાએ જણાવ્યું હતું કે, દેશના પૂર્વ વડાપ્રધાન ઈન્દિરા ગાંધીએ લાદેલી કટોકટરી દરમ્યાન ગૌતમ ઠાકરે જેલવાસ પણ વેઠયો હતો. માનવ અધિકારો માટે સતત લડત આપી હતી. દલિતો, આદિવાસીઓ, મહિલાઓ અને બાળકો સહિતના નાગરિક અધિકારોના રક્ષણ માટે તેમણે તમામ રાજય સરકારો અને કેન્દ્ર સરકારો સામે મર્દાનગીથી બાથ ભીડી હતી. ભારતીય બંધારણમાં નિર્દિષ્ટ મૂળભૂત અધિકારોના રક્ષણ માટે પણ તેઓ સતત નાગરિકોમાં જાગૃતિનું કામ કરતા રહ્યા હતા. બેંક કર્મચારીઓ અને અધિકારીઓના સંગઠનના તેઓ દાયકાઓ સુધી મંત્રીપદે રહ્યા હતા અને કામદાર ચળવળને તેમણે મજબૂત બનાવી હતી. મહાન ક્રાંતિકારી નેતા એમ એન રોયના ઉદામવાદી માનવવાદના વિચારો અને જયપ્રકાશ નારાયણના સંપૂર્ણ ક્રાંતિકારી વિચારોથી પ્રેરાઈને જાહેરજીવનમાં પ્રવેશ્યા હતા. ગુજરાતમાં જયાં પણ નાગરિક સ્વતંત્રતાનું હનન થાય અને ન્યાયનું હનન થાય ત્યાં તેનો વિરોધ કરવાનો અને તેના રક્ષણ માટે કામ કરવાનો તેમનો જૂઝારુ સ્વભાવ હતો. નાગરિક સમાજની અનેક સંસ્થાઓ સાથે સંકલન કરીને તેમણે હંમેશા નાગરિક આઝાદીની જયોત પ્રજવલિત રાખી હતી. રાજકીય પક્ષની કે નેતાની શેહશરમમાં આવ્યા વિના તેમણે કાયમ સ્વતંત્રતાની અને માનવ અધિકારોના રક્ષણ અને સંવર્ધનની જ ચિંતા કરી હતી.

# ખેડૂત દેવા માફી મામલે કોંગ્રેસના પ્રતીક ઉપવાસ

## ૨૪ કલાકમાં નબળાઈ આવી જતી હોય તો ૧૫ દિવસથી ઉપવાસ કરતા હાર્દિકને હૃદયપૂર્વક સલામ છે : ધાનાણી

અમદાવાદ, તા.૮

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા ખેડૂતોના દેવા માફી અને હાર્દિક પટેલના સમર્થનમાં તાલુકા અને જિલ્લા સ્તરે ૨૪ કલાકના ઉપવાસ ધરણાના કાર્યક્રમના ભાગરૂપે આજે અમદાવાદ ખાતે ઉપવાસ ઉપર બેઠેલા ગુજરાત વિધાનસભા વિરોધ પક્ષના નેતાશ્રી પરેશ ધાનાણી, અમદાવાદ શહેર જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ શશીકાન્ત પટેલ, અમદાવાદ જિલ્લા કોંગ્રેસના પ્રમુખ પંકજસિંહ વાઘેલા, ધારાસભ્ય રાજેશભાઈ ગોહિલ સહિત કોંગ્રેસના અગ્રણીઓએ આજે સવારે ૧૧ કલાકે ૨૪ કલાકના પૂર્ણ થતા મહાત્મા ગાંધીના વણાટગુરુ રામજીભાઈ બઢીયાની પરપૌત્રી વિશ્વા બઢીયા કે જેઓ રાઈફલ ચેમ્પિયન છે એવી દિકરીના હસ્તે પારણા કર્યા હતા.ગુજરાત વિધાનસભા વિરોધ પક્ષના નેતા પરેશ ધાનાણીએ પારણા કરી જણાવ્યું હતું કે આજે ૨૪ કલાકના ઉપવાસ બાદ જો નબળાઈ આવી જતી હોય તો ખેડૂતોના હિત માટે એક અન્નદાતાનો દિકરો હાર્દિક પટેલ છેલ્લા ૧૫ દિસથી ઉપવાસ કરી રહ્યો છે તેને હૃદયપૂર્વક સલામ કરું છું. આ ઉપવાસ બાદ સુતેલી સરકારના પેટનું પાણી નથી હાલતું. ગુજરાતની ૬ કરોડ જનતાએ જેના શિરે વિરોધ પક્ષની જવાબદારી સુપરત કરેલી છે તેના પ્રતિનિધિ રૂપે સરકારને વિનંતી કરવા છતાં સરકાર સંવાદ કરી નથી રહી ત્યારે એમ લાગે છે કે વડાપ્રધાન મોદી ગુજરાત અને ખેડૂત વિરોધી છે. આજે ખેડૂતો પારાવાર મુશ્કેલીઓનો સામો કરી રહ્યા છે. ખેત ઓજારો મોંઘા અને કુરદર રૂઢે ત્યારે પુરતો પાક વીમો નથી મળતો. મોંઘી વીજળી તમામ પ્રકારની સમસ્યાોથી ખેડૂત વર્ગ મજબુર અને લાચાર બની ગયો છે ત્યારે દેવાના ડુંગરતળે દબાયેલા ખેડૂતોના ખેત ઓજારો ઉપર કરવેરા લાદવામાં આવેલ છે. ખેડૂતોના દેવા માફી મુદ્દે વહેલી તકે નિર્ણય નહિ લે તો આગામી સમયમાં કોંગ્રેસ વિધાનસભા ઘેરાવનો કાર્યક્રમ આપશે તેમજ ગુજરાતનો મજબુર અને પીડિત ખેડૂત ક્યાંય અસહકાર આંદોલનનો આશરો લેતા ચુકશે નહીં.



ગુજરાતી ફિલ્મોની હિરોઈન આરતી નાગપાલ ગુરૂદેવના આશીષ અને દર્શનાર્થે ગુજરાતના પાટનગર ગાંધીનગર મુકામે પધાર્યા અને ૪૪ પિચ્છી સંઘના દર્શન કરી ધન્યતા અનુભવી. જૈન ધર્મમાં દરેક શ્રાવક કે સભ્ય કહેવાતા નાગરિક માટે જીવનમાં અણુવ્રતોનું આચરણ યમ-નિયમની જેમ જરૂરી છે. પરમકૃપાલુ, આધ્યાત્મશ્રેષ્ઠ ચર્યાચક્રવર્તી ૧૦૮ આચાર્યશ્રી સુનીલ સાગરજી મહારાજે આજ પ્રાતઃકાલીન સભામાં જૈન દર્શનમાં વર્ણિત સત્ય, અહિંસા, અચૌર્ય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહાણુવ્રત જે ભારતીય સંસ્કૃતિ સાહિત્યનાં લગભગ દરેક પ્રમુખ ધર્મ અને નીતિ ગ્રંથોમાં ઉલ્લખિત છે.

# સ્માર્ટ વિલેજ પ્રોજેકટ માટે વિદ્યાર્થીઓ ગામડામાં ફરશે

ગુજરાત ટેકનોલોજિકલ યુનિવર્સિટી (જીટીયુ) તરફથી ગ્રામ વિકાસના ઉમદા હેતુથી ચલાવવામાં આવી રહેલી વિશ્વકર્મા યોજનાના છઠ્ઠા તબક્કામાં ડિગ્રી અને ડિપ્લોમા એન્જિનિયરિંગની ૩૨ કોલેજોના વિદ્યાર્થીને સ્માર્ટ વિલેજનું સપનું સાકાર કરવા ૧૩૬ ગામની મદદે મોકલવામાં આવશે. સ્માર્ટ વિલેજના પ્રોજેકટ માટે હવે જીટીયુની આ ૩૨ કોલેજના વિદ્યાર્થીઓ ગામડે ગામડા ફરશે. આ વખતે ગ્રામ વિકાસ કચેરી અને ગ્રામ પંચાયત તેમજ ગૃહ નિર્માણ ગ્રામ વિકાસ વિભાગ સાથે સંકલન સાધીને ૧૩૬ ગામડાંઓમાં સાંસદ આદર્શ ગ્રામ યોજના અને સ્માર્ટ વિલેજ યોજના અંતર્ગત કામગીરી કરવામાં આવશે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ